Divyabhaskar

EDII

November 29, 2022
Pg. 3

ઉદ્યોગ સાહસિકતા માટે ઓનલાઈન કોર્સ પણ ઓફર કરાશે

ડિસેમ્બરના પહેલા વીકથી EDIIના 3 પ્રોગ્રામમાં પ્રવેશ કાર્યવાહી શરૂ થશે

આઈડિયાથી બિઝનેસ તૈયાર કરવા સુધીની બાબતો સમજાવાશે

એજ્યુકેશન રિપોર્ટર | અમદાવાદ

વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસિકતાના ગુણોનો વિકાસ થાય અને ભવિષ્યમાં પોતાનું સ્ટાર્ટઅપ સરળતાથી શરુ કરી શકે તે માટે આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા, અમદાવાદ દ્વારા બે ઓફલાઈન અને એક ઓનલાઈન કોર્સ પર પ્રવેશ પ્રક્રિયા જાહેર કરી છે. ત્રણેય પ્રોગ્રામ માટે વિદ્યાર્થીઓ ડિસેમ્બર મહિનાના પહેલા અઠવાડીયાથી અરજી કરી શકશે. વિદ્યાર્થીઓ www.ediindia.ac.in પરથી પ્રવેશ માટે ઓનલાઈન અરજી કરી શકશે.

હવે વિવિધ પ્રકારના કોર્સને ઓનલાઈન પણ ઓફ્સ કરાઈ રહ્યાં છે. ઈડીઆઈઆઈ વિદ્યાર્થીઓમાં અભ્યાસ દરમિયાન જ આઈડિયાને બિઝનેસ બનાવવા સુધીનો માર્ગ તૈયાર કરી આપે છે. હાલમાં નોકરી કરવા માટે નહીં, પરંતુ નોકરી આપવાના કલ્ચરનો વિકાસ થઈ રહ્યો છે. જેને માટે ખાસ આ પ્રકારના કોર્સ ડિઝાઈન કરાયા છે.

આ કોર્સમાં એડમિશન માટે અરજી કરી શકાશે

PGDM- આંત્રપ્રિન્યોરશિપમાં 120 બેઠકો

પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા મેનેજમેન્ટ- આંત્રપ્રિન્યોરશિપ 1998થી શરૂ થયેલો આ કોર્સ બે વર્ષનો ફુલ ટાઈમ છે, જેમાં 120 બેઠકો રહેશે, જેમાં આઈડિયાથી બિઝનેસ રિપોર્ટ તૈયાર કરવા સુધીની બાબતો સમજાવાશે. આંત્રપ્રિન્યોરશિપને લગતી તમામ બાબતોને શિખવવામાં આવશે. ફેમિલી બિઝનેસ મેનેજમેન્ટ અને સોશિયલ આંત્રપ્રિન્યોરશિપ પણ શીખવાડાશે.

PGDM- ઈનોવેશન એન્ડ વેન્ચર ડેવલપમેન્ટ

પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા મેનેજમેન્ટ - ઈનોવેશન આંત્રપ્રિન્યોરશિપ એન્ડ વેન્ચર ડેવલપમેન્ટ 30 બેઠકો ધરાવતો આ બે વર્ષનો ફુલ ટાઈમ કોર્સ છે. આ કોર્સમાં ઉદ્યોગ સાહસિકતાના વિવિધ મુદ્દાઓની સાથે ટેકનોલોજીના બિઝનેસમાં ઈનોવેશન કઈ રીતે લાવી શકાય, સાથે જ સળફ સ્ટાર્ટઅપ માટે આઈડિયા જનરેટ, ઈનોવેશન અને માર્કેટમાં કેવી રીતે સર્વાઈવ થઈ શકે ઉપરાંત સફળ ટેકનોલોજી કઈ રીતે તૈયાર કરી શકાય વગેરેની બાબતો કોર્સમાં જોડવામાં આવી છે.

ઓનલાઈન PGDM પણ ચલાવવામાં આવશે

ઓનલાઈન પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા મેનેજમેન્ટ કોર્સ ઓનલાઈન ઓફર કરાઈ રહ્યો છે. જેથી જે લોકો પોતાના શહેરમાં રહીને ઉદ્યોગસાહસિકતા શીખવા માંગતો હોય તેઓને આ કોર્સ મદદરૂપ થશે. આ ઉપરાંત ફેમેલી બિજનેસને સફળ બનાવવાના તબક્કા, વર્કિંગ પ્રોફેશનલ્સની કામગીરી, આ ઉપરાંત ઈન્ડસ્ટ્રીઝના ટ્રેન્ડ, પોલીસી અને નવા ઈર્મજિંગ એરિયામાં ઉદ્યોગસાહસીકતાની બાબતોનો કોર્સમાં સમાવેશ કરાયો છે.